હેલ્થ ટિપ્સ

પાણી અડધુ ઉકાળીને હુંફાળુ જ પીવું અથવા સૂંઠ નાખી ઉકાળેલુ પાણી લેવું.

# રાજકોટ V/s કોરોના

**આજની દૈનિક કામગીરી: તા. ૩૧-૦૭-૨૦૨૦**  ***By Rajkot Municipal Corporation***

## કોરોના સામે સાવચેતી

## શાકભાજીના ફેરિયાઓ સુપર સ્પ્રેડર ન બને તે માટે છોટુનગર ખાતે આરોગ્ય ચકાસણી કેમ્પ યોજાયો



રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાં કોરોના વાયરસના સંક્રમણનો પ્રસાર રોકવા શકય તમામ પ્રયાસો કરવામાં આવી રહયા છે. કોરોનાનો ચેપ ફેલાતો રોકવા સાવચેતીરૂપે શાકભાજી વેંચતા ફેરિયા ભા૮ઇ-બહેનો કોરોનાના સુપર સ્પ્રેડર ન બને તે માટે આવશ્યક પગલાંઓના ભાગરૂપે આજે તા. ૩૧-૭-૨૦૨૦ ના રોજ સવારે છોટુનગર વિસ્તારમાં મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલની ખાસ ઉપસ્થિતિ વચ્ચે મેગા હેલ્થ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૧૩૭૮ લોકોનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૩૪૮ લોકોના ટેસ્ટ કરાયા જેમાંથી ૦૫ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા તેમને વધુ સારવાર અર્થે રીફર કરવામાં આવેલ છે અને બાકીના ફેરિયાઓને હેલ્થ કાર્ડ ઈશ્યુ કરવામાં આવ્યા હતા.

આ કેમ્પના આયોજન વિશે વાત કરતા મ્યુનિસિપલ કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે એમ જણાવ્યું હતું કે, શાકભાજી વેંચનારા લોકોનો મોટો સમૂહ છોટુનગર વિસ્તારમાં રહેતો હોઈ રાજકોટ મહાનગરપાલિકાએ ત્યાં સ્થળ પર જ હેલ્થ કેમ્પનું આયોજન કર્યું હતું. શાકભાજી વેંચવા માટે આ ફેરિયા ભાઈ – બહેનો શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતા હોય છે અને આ પ્રકારે ઘણા લોકોના આડકતરા સંપર્કમાં આવે છે. શાકભાજીના માધ્યમથી તેઓ કોરોના વાયરસના સુપર સ્પ્રેડર ન બની જાય તેવા આશય સાથે તેમના સ્વાસસ્થ્યની ચકાસણી હાથ ધરવામાં આવી હતી. આ હેલ્થ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાની મેડિકલ ટીમ દ્વારા મોટાભાગના ફેરિયા ભાઈ – બહેનોને આવરી લેવામાં આવેલ હતા. જેમાં મેડિકલ ટીમે તમામ ફેરીયાઓનું સ્વાસ્થ્ય કેવું છે તેની પ્રાથમિક થર્મલ સ્ક્રિનિંગ અને પલ્સ ઓક્સિમીટર વડે ચકાસણી કરવામાં આવેલ હતી. હેલ્થ કેમ્પ દરમ્યાન પ્રોજેક્ટ શાખાના અધિકારીશ્રી તથા સ્ટાફ દ્વારા પી.એમ. સ્વનિધિ યોજના અંગે આશરે ૫૦૦થી વધારે લોકોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ યોજના હેઠળ અરજદારને બેંક મારફત રૂ.૧૦,૦૦૦/- સુધીની લોન આપવામાં આવે છે. આ મેડિકલ કેમ્પમાં ત્રણેય નાયબ મ્યુનિ. કમિશનરશ્રીઓ, હેલ્થ ઓફિસરશ્રી અને અન્ય મેડિકલ ઓફિસરશ્રીઓ અને તેમના સ્ટાફ તેમજ પ્રોજેક્ટ શાખાના અધિકારીશ્રી અને સ્ટાફ ફરજ પર હતાં.






**કેમ્પમાં ૧૩૭૮ લોકોનું સ્ક્રિનિંગ કરાયું અને ટેમ્પરેચર, SPO2 અને કોરોનાના અન્ય લક્ષણો જણાતા ૩૪૮ લોકોના ટેસ્ટ કરાયા જે માંથી ૦૫ કેસ પોઝિટિવ મળતા વધુ સારવાર માટે રીફર કરાયા: મ્યુનિ. કમિશનર શ્રી ઉદિત અગ્રવાલે આપેલી માહિતી**

### સર્વેલન્સની માહિતી

- આશા બહેનો : ૩૪૦
- ઘર ચકાસણી: ૨૩૯૧૯
- વ્યક્તિઓની સંખ્યા : ૯૦૬૧૮
- ધનવંતરી રથ દ્વારા લોકોની ચકાસણી : ૧૪૪૩૬
- રીફર થયેલ દર્દીઓ: ૧૧

### રોગ પ્રતિકારક શક્તિ વધારવાની કામગીરી

- ધનવંતરી રથની સંખ્યા : ૫૦
- આજે બનાવેલ ઉકાળાનો જથ્થો : ૧૨૬૦ લીટર
- ઉકાળા અને આયુર્વેદિક દવાનો લાભ લેનાર લોકોની સંખ્યા : ૧૪૨૫૯

**તા. ૩૦-૦૭-૨૦૨૦ ના કુલ ૫૩૧ વ્યક્તિઓના કોરોના અંગેના ટેસ્ટ કરાયા જેમાંથી કુલ ૬૨ વ્યક્તિઓનો રીપોર્ટ પોઝિટિવ આવેલ. જેનો પોઝિટિવ રેઈટ ૧૧.૬૭ % છે.**



આજે કુલ ૩૬ કન્ટેઇનમેન્ટ એરિયામાં ડીસઇન્ફેક્શનની કામગીરી



**કોન્ટેક્ટ ટ્રેસિંગ અને કવોરેન્ટાઇન:**
ટોટલ ઘર : ૧૪૮
કુલ વ્યક્તિ : ૭૧૫

## PM SVAnidhi યોજના અંગે છોટુનગર હેલ્થ કેમ્પમાં ૫૦૦ થી વધુ ફેરિયાઓને માહિતગાર કરાયા




શહેરી ફેરીયાઓને સરકારશ્રીની યોજનાઓનો ડાયરેક્ટ લાભ મળી રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં-૨ ખાતે આજ રોજ તા: ૩૧/૦૭/૨૦૨૦ સમય સવારે ૭:૦૦ કલાકે છોટુનગર, શેરી નં-૨, શાળા નંબર ૬૦ના ખુણે શેરી ફેરીયાઓને PM Street Vendors AtmaNirbhar Nidhi (PM SVAnidhi) યોજનાનો ડાયરેક્ટ લાભ મળી રહે તે માટે શહેરી ફેરીયા હેલ્થ કેમ્પ, આઇ-કાર્ડ વિતરણ તથા ઓન-લાઇન ફોર્મ ભરવા જેવી વિવિધ કામગીરી કરવામાં આવેલ. જે અંતર્ગત ૫૨૧ જેટલા શહેરી ફેરીયાઓને આ યોજના હેઠળ માહિતગાર કરાયા હતા.

**આજના દિવસે કુલ ૦૭ સહીત અત્યાર સુધીમાં કુલ ૧૨ વ્યક્તિઓ હોમ આઇસોલેશન થયા છે.**